| | |
|---|---|
| આંક | ૩૬ |
| દાખલ થયા તા. | ૨૦/૦૨/૨૦૧૦ |
| રજુ કર્યા તા. | ૨૦/૦૨/૨૦૧૦ |
| ફૈસલ કર્યા તા. | ૨૮/૦૩/૨૦૧૮ |
| સમય મર્યાદા | વર્ષ- માસ- દિવસ- |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. :- ૪૩૦૦૨૭૫/૨૦૧૦**

ફરીયાદી :- સરકાર

વિરુધ્ધ.

આરોપી :- (૧) સદાભાઈ માધાભાઈ જાદવ.ઉ.વ.૫૮ (એબેટ)

(૨) શૈલેષભાઈ સદાભાઈ જાદવ. ઉ.વ. ૨૭.

(૩) પિયુષ ઉર્ફે પપ્પુ સદાભાઈ જાદવ.ઉ.વ. ૧૮.

રહે:-બધા,મ.નં.૫,મહેશપાર્ક,પંચવટી સામે દાણીલીમડા,અમદાવાદ

**ગુન્હો:-ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૫,૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪, બી.પી.એકટ ૧૩૫(૧) મુજબ.**

**સરકાર તરફે : વિ. એ.પી.પી. શ્રી જે.એ.યાદવ.**

**આરોપી તરફે: વિ. વ. શ્રી સી.ડી.સુરતી.**

**-// ચુ કા દો //-**

।૧। ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરિયાદી ગૌરાંગભાઈ વીનોદભાઈ પરમાર રહેવાસી મ.નં. ૪૯/ સૌજન્ય પાક દાણીલીમડા ગામ, અમદાવાદ નાઓએ ગઈ તા.૨૫/૧/૧૦ ના કલાક ૨૩/૦૦ વાગે આ ગુનાનો ત્રીજો આરોપી કીરણ ઉફે પ્રવિણ(વઢીચારી) વશરામભાઈ મકવાણા સાહેદ નં. ૦૬ના ઘર આગળ જાહેરમાં પેશાબ કરતો હોવાથી તેને ના પાડતા ઝગડો કરી ગાળો બોલવા લાગેલ અને સાહેદને લાફો મારેલ અને જેનુ ઉપરાણુ લઈ જણાવેલ આરોપીઓએ નં. ૧ નાએ લોખંડની પાઈપ ફરીયાદીના માથાની પાછળ ફટકો મારી ઈજા કરેલ તથા નં. ૨,૩ નાઓઓએ લાકડાનો ડંડો શરીરે મારી ઈજા કરેલ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યોની તે હકિકત મુજબની પ્રથમ બાતમી ફરિયાદીએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર ૧૭/૨૦૧૦થી આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૭૩(૨) અન્વયે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫,૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫(૧)મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે તા. ૨૦/૦૨/૨૦૧૦ ના રોજ દાખલ કરેલ છે. આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ.

।૨। આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી સી.ડી.સુરતી મારફતે હાજર થયેલ. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ. આંક -૨૭ થી આરોપી તફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ.માર્ક ૨૭/૧થી આરોપીનં. ૧ નું મરણ સટી આવતા આંક ૧ નીચે હુકમ કરી આરોપી નં. ૧

ને એબેટ કરવામાં આવેલ છે.ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૦ અન્વયે આક્ષેપિત ગુનાનું આંક ૨૩ થી તહોમતનામું ફરમાવી આંક ૨૪ થી ૨૫ મુજબ આરોપીઓનું નિવેદન લેતાં તેમણે ગુનાનો ઈન્કાર કરેલ હોય ફરિયાદ પક્ષે પુરાવો નોધવામાં આવેલ છે. ફરીયાદપક્ષના પુરાવા દરમ્યાન પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય પક્ષકારો એ આંક ૨૮થી સમાધાન કરવા પરવાનગી અરજી તથા આંક ૨૯થી સમાધાન પુરસીસ રજુ કરતાં સમાધાન પાત્ર ગુનામાં પરવાનગી આપી સમાધાન રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: <u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો</u> :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૩૦ | ગૌરાંગભાઈ વીનોદભાઈની જુબાની. | ફરીયાદી |

**-: <u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો</u> :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૩૧ | ફરીયાદની નકલ. |
| ૨. | ૩૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું . |
| ૩. | ૩૩ | મુદ્દામાલ લાકડી કબજે કર્યાનું પંચનામું |
| ૪. | ૩૪ | મેડીકલ સર્ટીફીકેટ |

।૪।          ફરીયાદપક્ષે ફરીયાદીએ આંક ૩૫ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં વિધ્વાન સરકારી વકીલ શ્રી જે.એ.યાદવની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષ નો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીઓને ગુનામાં સાંકળતો પુરાવો ન હોય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી જે.એ.યાદવ તથા આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી સી.ડી. સુરતી ની દલીલ સાંભળવામાં આવેલ છે.

।૫।          ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટેના નિર્ણય માટે  નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

મુદ્દા નંબર ૧ :     શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે  છે કે આ કામના આરોપીઓએ તારીખ ૨૫/૦૧/૨૦૧૦ના રોજ સાહેદ નં. ૬ મહેશભાઈ પીતાંબરભાઈ સોલંકીના ઘર આગળ જાહેરમાં બોલાચાલી કરી ગંદી ગાળો બોલી  ફરિયાદીને લાફો મારી લોખંડની પાઈપ માથાના પાછળના ભાગે મારી ,અને લાકડાનો ડંડો મારી ફરિયાદીને સ્વૈચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડી એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫,૩૨૩,૨૯૪(ખ),૧૧૪, બી.પી. એકટ ૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નંબર : ૨     શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે જણાવેલ કારણો મુજબ આ પ્રમાણે છે.

મુદ્દા નંબર : ૧ નકારમાં,

મુદ્દા નંબર : ૨ આખરી હુકમ મુજબ.

**-//કા ર ણો//-**

**મુદ્દા નંબર ૧ :-**

(૮) આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે રજુ પુરાવો વંચાણે લેતાં ફરિયાદપક્ષે આંક ૩૦ થી ફરિયાદી ગૌરાંગભાઈ વીનોદભાઈ પરમારને તપાસવામાં આવેલ છે તેમણે સોગંદ ઉપર જુબાનીમાં જણાવેલ છે કે આરોપીઓ મારા પડોમાં રહેતા હોય ઓળખું છુ. સાહેદે વધુમાં જણાવેલ છે કે આરોપીઓ સાથે બોલાચાલી સિવાય બીજું કંઈ બનેલ નહી.આરોપીઓ સાથે ઉગ્ર બોલાચાલી થતાં ધકકા મુકીમાં પડી જતાં ઈજા થયેલ હોય આવેશમાં આવી ફરિયાદ આપેલ. ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક ૩૧ થી ફરિયાદ ની નકલ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે તે સદર કામના આરોપી નં. ૧.સદાભાઈ માધાભાઈ જાદવનુ અવસાન થયેલ છે. આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થયેલ છે. ફરિયાદી તેમણે પોલીસ રુબરુ આપેલ ફરિયાદ હકીકતને સમર્થન આપતા ન હોય વિધ્વાન સરકારી વકીલ શ્રીએ ફરી ગયેલ સાહેદ જાહેર કરેલ છે પરંતુ તેમાં પણ આરોપીએ ગંદી ગાળો બોલી, લાફો મારી,લોખંડની પાઈપ મારી, લાકડાનો ડંડો મારી હોવાની હકીકતને સમર્થન આપેલ નથી. આરોપીઓ તરફેની ઉલટતપાસમાં પણ સામાન્ય બોલાચાલી થયેલ અને આરોપી ઓ સાથે ઘરમેળે સમાધાન થયેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

૧૯। આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રીએ આંક આપી વંચાણે લેવા સામે વાંધો ન હોવાનો શેરો કબુલ રાખતાં આંક ૩૨થી બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક ૩૩થી મુદ્દામાલ લોખંડની પાઈપ તથા લાકડી આરોપીઓએ રજુ કરતાં કબજે કર્યાનું પંચનામું તથા આંક ૩૪થી ફરિયાદીનું ઈજાનું પ્રમાણ પત્ર રજુ થયેલ છે. ફરિયાદીના બતાવ્યા મુજબ આંક ૩૨થી બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે તેમજ આરોપીઓ પાસેથી મુદ્દામાલ લાકડી તથા લોખંડની પાઈપ કબજે કરવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૧૯૦। ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવો વંચાણે લેતાં ફરીયાદી ગૌરાંગભાઈ વીનોદભાઈ પરમારનાઓએ સોગંદ ઉપર જુબાનીમાં આરોપીઓ સાથે બોલાચાલી થયેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. ફરિયાદીએ સોગંદ ઉપર જુબાનીમાં આરોપીઓ સાથે બોલાચાલી થતાં નીચે પડી જવાથી ઈજા થયેલ હોવાનું જણાવી આરોપીએ લોખંડની પાઈપ તથા લાકડી વડે માર મારેલ હોવાની હકીકતને સમર્થન આપેલ નથી. ફરિયાદીએ સોગંદ ઉપર જુબાનીમાં સાહેદ નંબર ૬ મહેશભાઈ પીતાંબરભાઈ અવસાન પામેલ તેમજ આરોપી નંબર ૧ સદાભાઈ માધાભાઈ પણ અવસાન પામેલ હોવાનું જણાવેલ છે. આમ સમગ્ર પુરાવો વંચાણે લેતાં પક્ષકારો વચ્ચે સામાન્ય તકરાર થયેલ અને ત્યારબાદ સમાધાન થઈ ગયેલ હોય ફરિયાદીએ સોગંદ ઉપર જુબાનીમાં આરોપીઓએ ગંદી ગાળો બોલી લાફો, મારી લાખંડનો પાઈપ મારી, લાકડાનો ડંડો મારવાની હકીકતને સમર્થન કારક પુરાવો રજુ થયેલ ન હોય ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબર ૧ નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

| | |
|---|---|
| :૧: | આ કામના આરોપીઓને તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ૩૨૫,૩૨૩,૨૯૪(ખ),૧૧૪,બી.પી.એકટ૧૩૫(૧) મુજબના આક્ષેપિતગુનાના તહોમત માંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| :૨: | અપીલ સમય બાદ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબ લોખંડની પાઈપ તથા લાકડીનો નાશ કરવો. |
| :૩: | આ હુકમ સામે અપીલ અદાલતમાં હાજર રહેવા અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૪૩૭ (એ) મુજબ દરેક આરોપી એ ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ રાખવા. |

આ ઠરાવ આજ તારીખ ૨૮ મી માહે માર્ચ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

28/3/18

તારીખ :૨૮/૦૩/૨૦૧૮
અમદાવાદ

(મોહંમદસલીમ હબીબખાન પઠાણ)
GJ00811
એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૧, અમદાવાદ